॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
દરેક દ્વંદ્વોની વચ્ચે
સમતાને સાચવી રાખશો
તો અશાંતિ તમારો
સ્પર્શ નહીં કરી શકે.

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR
GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 49, Dt. 07/10/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

# દરેક ગુજરાતી પરિવાર આરોગ્યના ધક્કે ચડેલો કેમ છે ?

## આપણે ત્યાં સવારે શિરાવવાની અને બપોર પછી રોંઢો કરવાની જે પ્રથા હતી તે એટલે જ હતી કે મુખારવિંદમાં કંઈ આડું-અવળું પધરાવવું ન પડે. એના ફાયદાઓનો કોઈ પાર નથી.....!

**તંત્રી સ્થાનેથી...**

**સૌરભ પી. દોશી**
**તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ**

શરદ ઋતુ હવે શરૂ થઈ છે. આપણું ઋતુ ચક્ર જ એવું છે કે એમાં શરીર સાથેના હિસાબ કિતાબનો મહિનો હોય છે છેલ્લો. છેલ્લો એટલે ભાદરવો અને આસો. શરદ ઋતુ શરીરના હિસાબ-કિતાબની ઋતુ છે, એટલે કે આખા વર્ષ દરમિયાન તમે શરીર પર જે વીતાડી હોય છે અને શરીર પર પોતાના મોજશોખ ને કારણે એક પછી એક જે જુલમ કર્યા હોય છે એનો હિસાબ લેવા માટે શરીરને કુદરતે શરદઋતુ આપી છે. શરદ ઋતુ આમ તો ચાર્ટર્ડ એકાઉન્ટ કે ઓડિટર કક્ષાની ઋતુ છે. ગુજરાતીઓમાં જે બહુ જ અણગમ્યે જાણીતો શબ્દ છે અને જેને ગુજરાતીઓ રોગ ગણતા જ નથી એ શરદી શબ્દ પણ શરદઋતુ પરથી ઉતરી આવ્યો છે. ગુજરાતમાં તો કેટલા બધા લોકો શરદીથી ઘેરાયેલા હોય છે. લાખોની સંખ્યામાં શરદીયુકત નાસિકાઓ હોય છે.
એક ગુજરાતી તરીકે આવા શરદી પ્રકરણ અંગે દરેક ગુજરાતીને શરમ આવવી જોઈએ. શરદી લઈને કોઈના ઘરે જવાય ? આ વિચારની શરૂઆત થવાને ન જાણે હજુ કેટલાય વરસોની વાર છે.વળી આ શરદીનો પ્રચાર અને પ્રસાર સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહે છે. જાહેર ખરીદીના સ્થળોએ અને સગા - વહાલાઓમાં, બધા મિત્રોમાં પણ અને મુરબ્બીઓમાં પણ નિયમિત રીતે શરદીના જીવંત અવશેષો જોવા મળે છે.

ગુજરાતીઓ માથે આ કેવડી મોટી આપત્તિ છે એ સમજતા હજુ દાયકાઓ જવા દેવા પડશે. એક તંદુરસ્ત માણસે ગુજરાતીઓ વચ્ચે શરદી મુક્ત રહેવું બહુ અઘરું થઈ ગયું છે. કારણ કે ચોતરફ શરદીનું વહન કરનારા લોકો નફ્ફટ અને બેધડક રીતે ફરતા હોય છે. જેને મોટા ભાગના ગુજરાતીઓ રોગ માનતા નથી એ શરદી ખરેખર તો સંખ્યાબંધ રોગની માતા છે. શરદીમાં કમાલ એ છે કે એ જ્યાં ઘર બનાવે છે એમાંના કેટલાક ઘર તો એ ખાલી કરતી જ નથી. એટલે કે આજીવન ધામા નાખે છે. જેનું મૂળ કારણ અને મૂળ રોગ માત્ર શરદી હોય એ આગળ જતા શ્વાસના, ફેફસાના કફ અને પિત્તના.... એમ અનેક જીવલેણ રોગોનો પડાવ બને છે. કોઈ આયુર્વેદિક વિદ્વાનને પૂછો તો એ માત્ર શરદીમાંથી પ્રગટતા હજાર રોગાદિકના નામો આપશે.

આપણી શરદીનો ઈતિહાસ બહુ લાંબો નથી. પ્રમુખ કારણ તો એ છે કે આપડે જાણતા જ નથી કે ગટરના પાણીમાંથી તૈયાર થતા શાકભાજી કોની થાળીમાં જાય છે. એ થાળી આપડી પણ હોઇ શકે છે. જેઓ અમેરિકા ગયા હોય એમને ખબર છે કે એના લીંબુ અને આદુ કેવા મઘમઘતા હોય છે. અમેરિકાના શાકભાજીના અસલ સ્વાદ અને એની મહેંકથી ભારત હજુ દાયકાઓ દૂર છે. જેણે પોતાના બાળકોનું ભવિષ્ય નીરોગી રાખવાની ઝંખના હોય એમણે આ શાકભાજી ક્યાંથી ઉગીને ઊભા થયા છે એની ખબર ન હોય ત્યાં સુધી એને સંતાનોના પેટમાં પ્રવેશવા ન દેવાય. ગટરના પાણીમાં કે પ્રદૂષિત નદીઓના કાંઠે ઉગેલા શાકભાજી આપડી રોગ પ્રતિકારક શક્તિને ખલાસ કરે છે અને પછી તો ડેન્ગ્યુ સહિતના કોઈ પણ રોગ થાય અને જિંદગીના વહાણને આમથી તેમ ફંગોળે. આ વખતે ડેન્ગ્યુમાં બાળકો ઉપરાંત કિશોરો અને યુવક-યુવતીઓએ પણ જિંદગી ગુમાવી છે. આપડી ટેલિવિઝન ચેનલો એ વાત બહુ ચાલાકીથી છુપાવે છે કે ગુજરાતમાં ડેન્ગ્યુ ખતરનાક હદે આગળ વધી ગયો છે.

આ વખતે રોગચાળામાં કિશોરથી યુવાવય સુધીના લોકો પણ સપાટામાં આવ્યા તેનું એક મુખ્ય કારણ ફાસ્ટ ફૂડ છે. ફાસ્ટ ફૂડમાં અનેક પ્રિઝર્વેટિવ ( વસ્તુ ખરાબ ન થઈ જાય એ માટે ઉમેરાતાં કેમિકલ્સ ) અને અન્ય રાસાયણિક રંગો અને એસિડિક પદાર્થો ઉમેરવામાં આવે છે. ઉપરાંત એની રચના અને આહાર વચ્ચે બહુ મોટો સમયપટ પસાર થયો હોય છે. આપણે ત્યાં કેટલાક જૈન મુનિ મહારાજોએ આહાર વિજ્ઞાનનો બહુ નિષ્ઠા અને ખંતપૂર્વક પ્રચાર કર્યો છે. પરંતુ નવી પેઢી સુધી એ મેસેજ પહોંચ્યા નથી. એનું કારણ એ છે કે ગુજરાતી પરિવારોમાં જીભ માટે ચટાકેદાર અભિગમ રાખવામાં આવે છે. આપડી પરંપરા જ દે ધનાધન રહી છે અને એમાં આહાર સંયમ કે પ્રોટીન-વિટામિન વિચારનો કોઈ અત્તોપત્તો જ નથી. ગુજરાતીઓ યોગ પાછળ દોડતા જોવા મળે, પતંજલિની મલ્ટીનેશનલ કોર્પોરેટ હાટડીએ ટોળે વળેલા પણ દેખાય. વળી ઉનાળે ઓર્ગેનિક કેરી ગોતવા પણ દોડે. પણ ઘરમાં જુઓ તો છોકરાવ પાંચદસના પડીકા ચાવતા હોય અને તેલમાં ડૂબકીદાવ રમીને આવેલા ગાંઠિયા-ભજિયાનો વારંવારનો સમારંભ હોય.

એક જમાનો હતો કે ઘરમાં પકવાનના ડબા ભરેલા હોય. આપણે ત્યાં સવારે શિરાવવાની અને બપોર પછી રોંઢો કરવાની જે પ્રથા હતી તે એટલે જ હતી કે મુખારવિંદમાં કંઈ આડુંઅવળું પધરાવવું ન પડે. વહેલી સવારે શિરાવવામાં અને રોંઢો કરવામાં હોય તો આંશિક અથવા ઉપભોજન. એના ફાયદાઓનો કોઈ પાર નથી. પરંતુ શિરાવવાની પ્રથા સદભાગ્યે હજુ છે પરંતુ રોંઢો તો સાવ લાપતા જ થઈ ગયો છે. એની જગ્યાએ એટલે કે રોંઢાના રિપ્લેસમેન્ટમાં આપડે જે અખતરાઓ કર્યા છે એણે આપડા આરોગ્યની બરાબરની દશા બેસાડી છે. દેશના અનેક રાજ્યોની તુલનામાં ગુજરાતીઓ સુખી છે તે ગુજરાતમાં પણ અને મહારાષ્ટ્રમાં પણ. જેઓ એનઆરઆઈ એટલે કે બિન નિવાસી ગુજરાતીઓ છે તેઓ તેમને મળતા વિશુદ્ધ આહારને કારણે બચી ગયા છે. ગુજરાતની પ્રજાને આરોગ્યસુખ ક્યારે મળશે તે એક ગંભીર સમસ્યા છે. કારણ કે આપડી પોતાની ખાણીપીણીની કુટેવોમાંથી અનારોગ્યના સંયોગો વિકસેલા છે.

ગુજરાતીઓ આરોગ્યના જ્ઞાન સામેનું અજબ કવચ ધરાવે છે. એમને કોઈ જ આરોગ્ય બોધ લાગવાનો નથી. સ્થૂળ કાયાઓની અલગથી વસ્તી ગણતરી જરૂરી થઈ ગઈ છે. કહીએ તો ખોટું લાગે છે પણ આડેધડ ખા-ખા કરીને મહાન માનવ શરીરના ઘાટ આપડે ફેરવી નાંખેલા છે. અને પછીય સમજણમાં તો બૃહદ શૂન્યનો મુકુટ ધારણ કરેલો છે. હાલતા તમને ડાયાબિટિસના દરદીઓ મળે ને બે ડગલા વધુ હાલો એટલે બ્લડપ્રેશર મળે. જમ્યા પહેલાની ટિકડીઓ અને જમ્યા પછીની...! વળી જો ક્યાંક ઓટલે બેઠા ભૂલમાંય આયુર્વેદની વાત કરો તો એવા બધા કૂદી પડે ને એમ લાગે કે ઓહોહો ગુજરાતમાં તો રેશનકાર્ડ દીઠ એક-એક વૈદરાજ છે. આવતીકાલના જે નાગરિકોનો ઉછેર આપડી નજર સામે થઈ રહ્યો છે એમને માર્ગ મળે અને કંઈક દિશા દેખાય એવું પણ આપડું વર્તન હજુ નથી. આહારની બાબતમાં તો જે સંતાનો એના પેરેન્ટસ્ ને નહિ અનુસરે એ જ સુખી થશે એમ કહીએ તો અતિશયોક્તિ થાય. શાળાએથી આવીને બાળક કહે કે મમ્મી મને મેગી બનાવી દે.... તો મમ્મી હજુ એ બાળકને ના પાડતા ન શીખી હોય તો નક્કી છે કે એવા એ સંતાનો પણ અન્ય ગુજરાતીઓની જેમ દવાખાને ધક્કા ખાતા બહુ વહેલી ઉંમરથી શીખી જશે.

ગુજરાતી ભોજનની જે પરંપરા છે એને તોડવા માટે ચાઈનિઝ અને પંજાબી પ્રણાલિકાઓનો આપણે ત્યાં ચારેબાજુ પડાવ છે. ગુજરાતી ભોજન ઘેરાઈ ગયું છે. અનેક પરિવારો તો પંજાબી અને ચાઈનિઝના ઘેલા છે. એ પણ ભોજન જ છે પરંતુ એમના હવામાન અને એમના સંજોગોમાં એ ચીની અને પંજાબી પ્રજા માટે છે. છતાં આપણે જિજ્ઞાસાના આસ્વાદ માટે ભલે ક્યારેક એ આરોગીએ તો કંઇ વાંધો નથી પરંતુ આપડે તો આપડા ગુજરાતી ભોજન પડતા મેલીને એને ગળે વળગાડેલા છે. દરેક પરિવારે આરોગ્ય પર સ્વતંત્ર રીતે વિચારીને સ્વયંશિસ્ત દાખલ કરવી જરૂરી છે. કારણ કે એના વિકરાળ પરિણામો હવે કેટલાક કુટુંબોમાં દેખાવા લાગ્યા છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા યોજાયેલ 351મો વિના મૂલ્યે નેત્ર યજ્ઞ




■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા સમાજસેવાના પવિત્ર ધ્યેયને સાકાર કરતાં દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા વિનામૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ અંતર્ગત આજે તા. 02-10-2026 ના રોજ પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી સ્વામીની પાવન સ્મૃતિમાં 351 મા વિનામૂલ્યે મહા નેત્ર નિદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ નેત્રરોગ નિષ્ણાત ડોક્ટરો દ્વારા કુલ 70 દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 22 દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત જણાતા તેમને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા વિરનગર આંખ હોસ્પિટલ ખાતે સંપૂર્ણ વિનામૂલ્યે ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત ચશ્મા અને દવાઓની જરૂરિયાત ધરાવતા દર્દીઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નેત્રયજ્ઞનું દીપપ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજ્ય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદ સાથે દાતાશ્રી શ્રીમતી ભારતીબેન મનુભાઈ કોરડીયા - ડલાસ અમેરિકા,વિરનગર હોસ્પિટલના ડોક્ટરશ્રીઓ, ગુરુકુળ હોસ્પિટલના ડૉ. નિલેશભાઈ ત્રિવેદી, તથા અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.સંસ્થાના કોઠારી પૂજ્ય અક્ષરમુક્તદાસજી સ્વામીના માર્ગદર્શન અને સાનિધ્યમાં સમગ્ર નેત્રયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

નેત્રયજ્ઞને સફળ બનાવવા સંસ્થાના સંતો, કર્મચારીઓ અને સેવકોએ ઉત્સાહપૂર્વક સેવા આપી હતી. કેમ્પમાં ઉપસ્થિત તમામ દર્દી નારાયણોને ચા સાથે જલેબી, ફાફડા , મરચા સંભારા સહિતનો સ્વાદિષ્ટ નાસ્તો પીરસવામાં આવ્યો હતો.શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા છેલ્લા ઘણા વર્ષોથી વિનામૂલ્યે નેત્રસેવાનો આ મહાયજ્ઞ સતત આયોજિત કરી હજારો જરૂરિયાતમંદ દર્દીઓને નવી દ્રષ્ટિ અને જીવનમાં નવી આશા પ્રદાન કરી રહ્યું છે. સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિ સમાજમાં માનવસેવા અને પરોપકારનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

## બેન્કખાતું અચાનક ફ્રીઝ થઈ ગયું છે ??
## ક્યાં કારણોથી આવું થઈ શકે ???



કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

નમસ્કાર વાંચકમિત્રો,

તમારું બેંક ખાતું અચાનક ફ્રીઝ થવું એ ખરેખર મુશ્કેલ અને ચિંતાજનક પરિસ્થિતિ છે. સામાન્ય રીતે બેંક પોતાની મરજીથી ખાતું ફ્રીઝ કરતી નથી, પરંતુ કાનૂની, સુરક્ષા અથવા નિયમનકારી (Regulatory) કારણોસર અન્ય એજન્સીઓના આદેશથી તેમ કરવું પડે છે.ભારતમાં મુખ્યત્વે નીચે મુજબની પરિસ્થિતિઓમાં બેંક ખાતું ફ્રીઝ કરવામાં આવે છે.

૧. સાયબર ક્રાઈમ અને પોલીસ તપાસ (Cyber Crime & Investigation)- આજકાલ સૌથી વધુ ખાતા આ જ કારણસર ફ્રીઝ થાય છે.

*ઓનલાઈન ફ્રોડની ચેઈન- જો કોઈ વ્યક્તિ સાથે ઓનલાઈન ફ્રોડ થયો હોય અને તે વ્યક્તિના ખાતામાંથી તમારા ખાતામાં (ભલે અજાણતા કે કાયદેસરના વેપારના ભાગરૂપે) પૈસા જમા થયા હોય, તો સાયબર સેલ (NCRP પોર્ટલ મારફતે) આખી ચેઈનમાં આવતા તમામ ખાતા ફ્રીઝ કરી દે છે.

* ક્રિપ્ટોકરન્સી ટ્રેડિંગ - P2P (Peer-to-Peer) ક્રિપ્ટો ટ્રેડિંગમાં ઘણીવાર સામેવાળી વ્યક્તિ ફ્રોડના પૈસા તમારા ખાતામાં નાખે છે, જેનાથી તમારું ખાતું ફ્રીઝ થઈ શકે છે.* *આર્થિક ગુનાઓ* એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), CBI કે સ્થાનિક પોલીસ દ્વારા મની લોન્ડરિંગ કે કોઈ કૌભાંડની તપાસ ચાલતી હોય ત્યારે.

૨. સરકારી વિભાગોની નોટિસ (Tax & Statutory Dues)- જો તમે કોઈ સરકારી ટેક્સ ચૂકવવામાં કસૂરવાર હોવ, તો તે વિભાગ સીધો જ બેંકને ખાતું ફ્રીઝ કરવાનો આદેશ આપી શકે છે.

*ઈન્કમ ટેક્સ (Income Tax)- લાંબા સમયથી ટેક્સ બાકી હોય, રિટર્ન ન ભર્યું હોય અથવા ટેક્સ ચોરીની મોટી શંકા હોય.

* GST વિભાગ- વેપારીઓએ GST ન ભર્યો હોય કે બોગસ બિલિંગ પકડાયું હોય.

* EPFO- કંપનીના માલિકોએ કર્મચારીઓનો પ્રોવિડન્ટ ફંડ (PF) જમા ન કરાવ્યો હોય.

૩. KYC અપડેટ ન હોવું (Non-Compliance of KYC)- રિઝર્વ બેંક (RBI) ના નિયમો મુજબ દરેક ખાતાધારકે સમયાંતરે પોતાના ઓળખપત્રો અપડેટ કરવા પડે છે.

* જો બેંક વારંવાર નોટિસ મોકલે અને તમે પાન કાર્ડ (PAN) કે આધાર કાર્ડ જમા ન કરાવો, તો બેંક ખાતામાં 'ડેબિટ ફ્રીઝ' (Debit Freeze) લગાવે છે (એટલે કે પૈસા જમા થઈ શકે, પણ તમે ઉપાડી શકો નહીં).

૪. શંકાસ્પદ લેવડદેવડ (Suspicious Transactions / AML) - દરેક બેંકમાં 'એન્ટી મની લોન્ડરિંગ' (AML) સોફ્ટવેર હોય છે જે અસામાન્ય વ્યવહારો પકડે છે.

* તમારા સામાન્ય ટ્રાન્ઝેક્શન કરતા અચાનક લાખો રૂપિયા જમા થવા.* રાતોરાત કોઈ યોગ્ય કારણ વિના વિદેશથી (International) મોટું ફંડ ખાતામાં આવવું. * શંકાસ્પદ આતંકવાદી કે બ્લેકલિસ્ટ થયેલા સંગઠનો સાથે લેવડદેવડ થવી.

૫. બેંકની લેણી રકમ અને લોન ડિફોલ્ટ (Right to Set-Off) -જો તમે જે બેંકમાં ખાતું ધરાવો છો, તે જ બેંકમાંથી તમે કોઈ લોન (પર્સનલ લોન, હોમ લોન) કે ક્રેડિટ કાર્ડ લીધું હોય અને તમે તેના હપ્તા (EMI) ભરવામાં સતત નિષ્ફળ જાવ છો, તો બેંક પોતાના 'રાઈટ ટુ સેટ-ઓફ' અધિકાર હેઠળ તમારી બાકી રકમ વસૂલવા માટે તમારું બચત કે કરન્ટ ખાતું ફ્રીઝ કરી શકે છે.

૬. કોર્ટનો આદેશ (Court Orders)- * કોઈ સિવિલ કેસ કે ચેક બાઉન્સના કેસમાં વળતર ચૂકવવાનું હોય.* છૂટાછેડાના કેસમાં કોર્ટે પત્નીને ભરણપોષણ (Alimony) ચૂકવવાનો આદેશ આપ્યો હોય અને પતિ પૈસા ન આપતો હોય, તો કોર્ટ સીધો બેંક ખાતા પર 'એટેચમેન્ટ' લાવી શકે છે.

૭. અન્ય કારણો - *ખાતાધારકનું મૃત્યુ* બેંકને ખાતાધારકના મૃત્યુની જાણ થાય, ત્યારે કાયદેસરના વારસદાર નક્કી ન થાય ત્યાં સુધી ખાતું સુરક્ષિત કરવા માટે.* *વિવાદ* ભાગીદારી પેઢી (Partnership) કે જોઈન્ટ એકાઉન્ટમાં ભાગીદારો વચ્ચે મોટો ઝઘડો થાય અને કોઈ એક પક્ષ બેંકને લેખિત જાણ કરે.આમાંથી મોટાભાગના કિસ્સાઓમાં (જેમ કે KYC કે બેંક લોન), તમે સીધા બેંક મેનેજરનો સંપર્ક કરીને જરૂરી દસ્તાવેજો આપીને ખાતું તરત જ ચાલુ કરાવી શકો છો. પરંતુ સાયબર સેલ, કોર્ટ કે ટેક્સ વિભાગના આદેશના કિસ્સામાં તમારે કાનૂની પ્રક્રિયામાંથી જ પસાર થવું પડે છે. સંદીગ્ધ લેવડ દેવડવાળું બેન્કખાતું કઈ રીતે અનફ્રીઝ કરવું તે આપણે આવતા અંકે જોઈશું.

# લીલીયામાં દીકરીઓએ પિતાને અગ્નિદાહ આપી પુત્રની ફરજ અદા કરી

## પિતાની અંતિમવિધિની જવાબદારી સ્વીકારી દીકરીઓએ સમાજ સમક્ષ સંવેદનશીલ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી જીલ્લાના લીલીયા ખાતે ધનજીભાઈ પાંચાભાઈ શેખલીયાના અવસાન બાદ યોજાયેલી અંતિમવિધિ દરમિયાન તેમની દીકરીઓએ પિતાને અગ્નિદાહ આપી પુત્રની ફરજ અદા કરી હતી. પરિવારમાં પુત્ર ન હોવા છતાં દીકરીઓએ પિતાની અંતિમવિધિની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી હતી.

પિતાના નિધનથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ હતો. આ દુ:ખદ સમયે દીકરીઓએ હિંમત, સંવેદના અને કર્તવ્યભાવ સાથે પિતાની અંતિમવિધિની જવાબદારી નિભાવી હતી. દીકરીઓ દ્વારા પિતાને અગ્નિદાહ આપવાનો આ પ્રસંગ માત્ર અંતિમવિધિ પૂરતો સીમિત ન રહેતા સમાજ માટે એક મહત્વપૂર્ણ સંદેશ આપતો બન્યો હતો.દીકરીઓએ પોતાના કર્તવ્યનું નિભાવણ કરીને દીકરી પણ દીકરાથી ઓછી નથી તેવો સંવેદનશીલ અને પ્રેરણાદાયી સંદેશ સમાજ સમક્ષ રજૂ કર્યો હતો.



# નવી દિલ્હીમાં પ્રદેશ સંગઠન પ્રભારી તરુણ ચુગજી સાથે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૌજન્ય મુલાકાત





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

નવી દિલ્હી ખાતે સૌજન્ય મુલાકાત દરમિયાન વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે સકારાત્મક ચર્ચા-વિચારણા કરાઈનવી દિલ્હી ખાતે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ સંગઠન પ્રભારી શ્રી તરુણ ચુગજી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન સંગઠનને લગતા વિવિધ વિષયો અંગે સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.મુલાકાત દરમિયાન સંગઠનને વધુ સુદ્રઢ બનાવવા, કાર્યકરો સાથે સતત સંકલન જાળવવા તેમજ સંગઠનાત્મક કામગીરીને વધુ અસરકારક બનાવવા સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ સંગઠનના માર્ગદર્શન અને સહકાર બદલ શ્રી તરુણ ચુગજીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સૌજન્ય મુલાકાતને સંગઠનાત્મક દષ્ટિએ મહત્વપૂર્ણ ગણવામાં આવી હતી.

# સાવરકુંડલામાં શ્રમદાન સાથે સ્વચ્છતા અભિયાન મણીભાઈ ચોકથી કોલેજ રોડ સુધી સફાઈ કામગીરી હાથ ધરાઈ



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા શહેરમાં શ્રમદાન સાથે સ્વચ્છતા અભિયાન યોજાયું. મણીભાઈ ચોકથી કોલેજ રોડ સુધી સફાઈ કામગીરી કરાઈ. સૌએ સ્વચ્છ અને સુંદર સાવરકુંડલાના સંકલ્પ સાથે શ્રમદાન કર્યું. આ અભિયાનમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, નગરપાલિકાના સદસ્યો અને સંગઠન મોરચાની બહેનો જોડાયા હતા. સૌએ શ્રમદાન કર્યું. નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાએ કહ્યું કે, સ્વચ્છતા માત્ર અભિયાન નથી, પણ સ્વચ્છ શહેર અને સ્વસ્થ સમાજ માટે સૌની જવાબદારી છે. તેમણે નાગરિકોને પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાવા અપીલ કરી.

# સુપર હિરો સ્મિત મચ્છરની અટક મચ્છર કેમ છે.. કારણ કે....કિડી, મંકોડી, માંકડ, વાઘ, શિયાળ, હાથી અને મચ્છર.. અદ્ભુત અટકો હોય છે ગુજરાતી સમાજમાં...

વર્ષો પહેલા શાહબુદ્દીન રાઠોડના હાસ્ય કાર્યક્રમના શરુઆતના દિવસોમાં શાહબુદ્દીન ભાઈ એક જોક કાયમ કહેતા હતા, કે બે પાડોશીઓ હતા. એકની એટક ભટ્ટ અને એકની માંકડ. બંને પ્રોફેસર અને બંને એક જ કોલેજમાં. કોલેજની ઈર્ષા અને દ્વેષને લઈ બંને વચ્ચે બહુ અણબનાવ રહેતો હતો. ધરે આવ્યા બાદ ભટ્ટ સાહેબ ગુસ્સા સાથે જોર..જોરથી , માંકડ સાહેબના ધરમાં સંભળાય એ રીતે બોલે કે આજે તો આ માંકડે બહુ ઉપાડો લીધો છે. હવે તો પલંગને છોડીને ખુરશીઓ સુધી પહોંચી ગયા છે. માંકડને મારવાની દવા લાવવી પડશે.

માંકડ સાહેબ આ સાંભળી સમસમી રહે. જ્યારે હદથી વાત વધી ગઈ એટલે ભટ્ટ સાહેબ ફળીયામાં આવી જોરથી બોલ્યા કે સવિતા, સાંભળો છો...( સવિતા તેમના ધર્મપત્નીનુ નામ હતુ.) જો ધરમાં બહુ માંકડા આવી ગયા હોય તો ભટ્ટ દઈ મારી નાંખો...આ જોક પરથી અમને થયુ કે ગુજરાતમાં આવતી આવી પ્રાણીજન્ય અને પક્ષીજન્ય અટકો પર એક સળંગ કાલ્પનીક સ્ટોરી લખીએ તો કેવી હોવી જોઈએ....અને પછી આ વાંચો....ફ્લેશબેક...પ્રોફેસર માંકડ અને પ્રોફેસર ભટ્ટ વચ્ચેના વીવાદ દરમિયાન....



નાવલી લાઈવ

લેખક-મહેન્દ્ર બગડા

આ દરમિયાન પ્રોફેસર હાથી ત્યાં આવી પહોંચ્યા અને તેમણે સંપુર્ણ વાત સાંભળી પ્રોફેસર મંકોડીને તાત્કાલીક બોલાવ્યા. બંને પ્રોફેસરોના હેડ હતા શ્રીમાન અમિત ધોડા સાહેબ. તેમને કહ્યું કે બંને પાડોશીઓ છે અને બંને એક બીજાની અટક પર કોમેન્ટ કરીને ઝઘડાઓ કર્યા કરે છે.નજીકમાં જ રહેતા વકિલ શ્રી દિનેશ પોપટ પાસે સંપુર્ણ મામલો પહોંચ્યો. તેમણે કહ્યું કે આવા ધરેલુ ઝઘડામાં વકિલ શ્રી રામ વાધ ખુબ હોંશીયાર છે. જ્યારે રામ વાધ પાસે આ મામલો પહોંચ્યો તો તેમણે કહ્યું કે એક કામ કરો આખી વીગત મારા પીએ શ્રીમાન સુરેશ શિયાળને લખીને આપી દો.જ્યારે સુરેશ શિયાળને આ વાત આપવા ગયા ત્યારે ત્યાં હાજર હતા બાહોશ પોલિસ અધિકારી શ્રી અનિરુધ્ધ સિંહ વરુ સાહેબ. વરુ સાહેબે કહ્યું કે તમે ભણેલા ગણેલા લોકો થઈ આ રીતે પોલિસ સ્ટેશને અથવા તો કોર્ટમાં જાવ તે સારુ નહી.તેમણે ઉદાહરણ આપ્યુ કે આ જ ટાઈપની સામાન્ય મેટર મીસ્ટર રાજેશ વિંછી અને રમેશભાઈ કિડી વચ્ચે બની હતી.

આજે લગભગ દસ વર્ષથી બંને કોર્ટમાં ધક્કા ખાઈ રહ્યાં છે.પોલિસ અધિકારી અનિરુધ્ધ સિંહ વરુની વાત સાંભળી તેની સાથે રહેલા હેડ કોન્સટેબલ ભગીરથ કાગડા મંદ મંદ હસવા લાગ્યા અને તેમણે કહ્યું કે સાચી વાત છે.

હુ ફલાણા પોલિસ સ્ટેશનમાં હતો ત્યારે ભીખુભાઈ તેતર અને મહેશભાઈ હોલા વચ્ચે પણ નાની વાતમાં ઝઘડો થયો હતો અને તેમાં પણ કોર્ટ કચેરી થઈ હતી..સુયજ્ઞ વાચકશ્રીઓ..આપે નોંધ કરી...જેમ ફિલ્મ એક દુજે કે લિયાના એક ગીત..મેરે જીવન સાથી..

પ્યાર કીએ જા, ગીતમાં તમામ શબ્દો ફિલ્મી ગીતો સાથે સંકળાયેલા છે તેમ આ આર્ટીકલમાં આવતા તમામ કાલ્પનીક પાત્રોની અટક પ્રાણી કે પછી પક્ષીના નામ સાથે સંકળાયેલી છે.ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં સમાજશાત્રના અભ્યાસુ ગૌરાંગ જાનીએ વિનોદીની નિલકંઠના અટકોના અભ્યાસના હવાલાથી કહ્યું છે કે અટકો એ જે તે સમયે જે તે પ્રાણીઓની પુજા કરવામા આવતી હતી તેના પરથી પડેલી છે.

ગુજરાતમાં મોંટે ભાગે પ્રાણીના નામ વાળી એટક જૂનાગઢના નાગર બ્રાહ્મણોમાં જોવા મળે છે. જ્યારે સુમિત મચ્છરની અટક એ બ્રહ્મ ક્ષત્રીયો ખાસ કરીને સુરત તરફના ખત્રી સમાજની અટક છે.

નોધ- લેખક પ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવી પર ફેમસ શો ભાઈ...ભાઈ, બોલ બચ્ચન અને હાલ ટીવી 13 ગુજરાતી પર આવતા માઈન્ડ વર્સીસ મશિન વિથ મહેન્દ્ર બગડા અને ગજબ હો ના એન્કર છે.

પ્રતિભાવ માટે વોટ્સએપ 9909941536

# યા દેવી સર્વ ભૂતેષું શક્તિ રૂપેણ સંસ્થિતા

**તતોઅતિ કોપ પૂર્ણસ્ય ,ચક્રિતો વદનાં તત્ત:./**
**નિચ્ચકામ મહત્તેજો, બ્રમહ્ણ: શંકરસ્ય ચ//**
**શ્રી દુર્ગા સપ્ત શતી અ, 2/10.**

સમગ્ર બ્રહ્માંડ માં સત્વ ગુણ અને તમોગુણ ની લડાઈ કાયમી ચાલ્યા જ કરે છે.અંધકાર અને ઉજાસ ક્યારેય સાથે રહી શકતા નથી. સદગુણ અને દુર્ગુણ ક્યારેય સાથે રહી શકતા નથી. જયારે જયારે તમોગુણ અત્યંત અધિક માત્રા માં વધ્યો છે.સમગ્ર વિશ્વ ને પીડાકારી અને દુ:ખદાયક બન્યો છે ત્યારે ત્યારે તેના વિનાશ માટે સત્વગુણ જુદાજુદા સ્વરૂપે પ્રગટ થયો છે.

યુગો યુગો પહેલાં જયારે દેવો અને દાનવો નું અતિ ભીષણ યુધ્ધ થયું કે જેમાં બ્રહ્મા વિષ્ણુ અને શિવજી જેવા દેવતાઓ પણ થાક્યા ત્યારે આ ત્રિદેવો ના દેહ માં થી અત્યંત અતિ પ્રબળ તેજ પ્રગટ થયું.આ ત્રણેય દિવ્ય તેજ એક બની અખંડ દિવ્ય જયોતિ સ્વરૂપ તેજ ના સ્વરૂપ માં સ્થિર બન્યું.,વળી ઈન્દ્રાદિ દેવતાઓ ના દેહ માં થી પણ તે રીતે જે તેજ પ્રગટ થયું તે તેજ સમૂહ તે દિવ્ય તેજ ની સાથે ભળી જાજવલ્યમાન મહા તેજ ના સ્વરૂપે પ્રગટ થયું.આ દિવ્ય તેજ માં થી જે અદ્ભુત સ્વરૂપ બન્યું તે સ્વરૂપ જ માં જગદંબા માતાજી સ્વરૂપે સમગ્ર બ્રહ્માંડ માં વ્યાપ્ત થયું.આ શક્તિ સ્વરૂપ ને દરેક દેવતાઓ એ પોતાની જુદી જુદી શક્તિઓ શસ્ત્રો ના સ્વરૂપ માં અર્પણ કરી. મહાદેવી ના આ અખંડ અને અગણિત સ્વરૂપ ને ક્રાંતિવાન બનાવ્યું.

દુર્ગાસપ્તશતી (ચંડીપાઠ) મુજબ આ મહામાયા સ્વરૂપી મહા શક્તિ દેવી એ ત્યારે પોતાની અદ્ભુત શક્તિ વડે અનેક તમોગુણી રાક્ષસો ચંડ મુંડ,મહિષાસુર,રક્ત બીજ,શુંભ, નિશુંભ જેવા અગણિત રાક્ષસો નો સંહાર કરી દેવતાઓ ને વિજય શ્રી અપાવ્યો.આ રાજરાજેશ્વરી મહા શક્તિ ની ઉપાસના નું પર્વ એટલે નવરાત્રી.આ નવરાત્રી ના દરેકે દરેક દિવસો માં માતાજી ના અનેક સ્વરૂપો ની ઉપાસના નું મહત્વ છે.

પ્રથમ દિવસે માં શૈલપુત્રી સ્વરૂપે માં પાર્વતી સ્વરૂપે શક્તિ પ્રદાન કરે છે.,તો બીજા નોરતે તે બ્રમ્હ ચારિણી સ્વરૂપે ઉર્જા આપનારી બની છે.,ત્રીજા દિવસે માં નું ચંદ્રઘંટા નું અદ્ભુત સ્વરૂપ ઉષ્મા નો સંચાર કરે છે.ચોથા નોરતે માં નું કૂષ્માંડા દુ:ખ ને દૂર કરનાર સ્વરૂપે આપણા દુ:ખો ને હરનારી બને છે., પાચમાં નોરતે જગદંબા સ્કંદ માતા દેવતાઓ ના સેનાપતિ કાર્તિકેય ના માતા સ્વરૂપે વિજય શ્રી આપનારી બની છે., તો છઠ્ઠા નોરતે માં કાત્યાયની બની કલ્યાણ કરનારી બને છે.દેવો અને માનવો ઉપર કલ્યાણ ની કૃપા વરસાવે છે.સાતમા નોરતે કાલરાત્રી બની આસુરી શક્તિઓ થી જીવ માત્ર નું રક્ષણ કરે છે.તો આઠમાં નોરતે જગદંબા મહાગૌરી સ્વરૂપે જ્ઞાન અર્પણ કરે છે. નવમા નોરતે જગદંબા સિધ્ધિદાત્રી બની પોતાના અનેક સાધકો ને ભક્તિ દ્વારા સુખ સમૃદ્ધિ અને સિધ્ધિ અર્પણ કરે છે.

માતાજી ની કૃપાઓ નો કોઈ પાર નથી.દુર્ગા સપ્ત શતી (ચંડીપાઠ) મુજબ

**યં યં ચિંત્યયતે કામં તમ તમ પ્રાપ્નોતિ નિચ્ચિતમ/**
**પરમેશ્વર્યમતુમ પ્રાપ્સ્યતે ભૂતલે પુમાન//**

માં જગદંબા ની સાધના થી જે કોઈ મનુષ્ય જે જે ઈચ્છાઓ કરશે તેની તે સાત્વિક ઈચ્છાઓ માં માતાજી જરૂર પૂર્ણ કરે છે.સમગ્ર માનવ જીવનમાં કોઈ એવો વ્યક્તિ નહીં હોય કે જેને " માં" ન હોય. જગતગુરુ શંકરાચાર્ય જેવા વિદ્વાને પણ માતા નું અધિક મહત્વ સ્વીકાર્યું છે.

**કુપુત્રો જાયેત, ક્વચીદ્પિ કુમાતા ન ભવતિ**

બાળક/પુત્ર ગમે તેવો તોફાની, અધમ કે નિષ્ઠુર હોય તો પણ માતા ક્યારેય કુમાતા બનતી નથી.આપણા સનાતન ધર્મ માં કોઈ વ્યક્તિ એવી નહીં હોય કે જેને કુળદેવી ન હોય!!!!.દરેકે દરેક વ્યક્તિ ને જ્ઞાતિને પરિવારોને પોતાના કુળદેવી હોય જ છે. આ માં કુળદેવી ની આરાધના નો ઉતમ અને શ્રેષ્ઠ સમય એટલે નવરાત્રી.આ નવરાત્રી ના નવેય દિવસો માં માતાજી ની જુદા જુદા સ્વરૂપે અને જુદી જુદી રીતે ઉપાસનાઓ કરવા માં આવે છે.કોઈ માતાજી ના અનુષ્ઠાન દ્વારા,તો કોઈ તેના યજ્ઞ યાગાદી દ્વારા માતાજીને આહુતિઓ આપી માને પોતાનો ભાવ અર્પણ કરે છે. કોઈપણ સ્વરૂપે કરેલી માતાજી ની ભક્તિ,ઉપાસના ક્યારેય નિષ્ફળ જતી નથી.દુર્ગાસપ્તશતી માં ઉતમ જીવન સાથી પ્રાપ્ત કરવા માટે,સામુહિક કલ્યાણ માટે,ભય ના નાશ માટે,આપણા રક્ષણ માટે,અભ્યુદય માટે,વિપત્તિઓ થી બચવા માટે,પાપો અને દુ:ખો ના નિવારણ માટે,રોગો ને દૂર કરવા અને આરોગ્ય ની પ્રાપ્તિ માટે,સૌભાગ્ય મેળવવા માટે,દરિદ્રતા ના નાશ માટે,રક્ષણ મેળવવા માટે,શક્તિ ની પ્રાપ્તિ માટે,વિવિધ ઉપદ્રવો થી બચવા માટે, ભક્તિ મુક્તિ ની પ્રાપ્તિ માટે,સ્વર્ગ અને મોક્ષ ની પ્રાપ્તિ માટે એવા અસંખ્ય સુખ માટે માતાજી ની ઉપાસના ના સવિશેષ સિધ્ધિ આપનારા મંત્રો નો ઉલ્લેખ છે.આ દરેક મંત્રો સિધ્ધ અને સાત્વિક છે.નવરાત્રી ના નવેય દિવસો શક્તિ ઉપાસના નું ઉત્તમ પર્વ છે.આ નવેય દિવસો માં ત્રણ ત્રણ દિવસ માં ત્રણ મહાશક્તિ ની ઉપાસના નું મહત્વ છે.પ્રથમ ત્રણ દિવસ મહાકાલી,ત્યાર બાદ વચ્ચે ના ત્રણ દિવસ મહાલક્ષ્મી અને છેલ્લા ત્રણ દિવસો મહા સરસ્વતી ની ઉપાસના માટે સર્વશ્રેષ્ઠ માનવા માં આવે છે.આ ત્રણ મહાશક્તિ દ્વારા જ સમગ્ર વિશ્વ નું સંચાલન થતું હોય છે.નવરાત્રી એટલે ભાવ,ભક્તિ અને શક્તિ નું મહાપર્વ માનવા માં આવે છે.આ દિવસો માં વિજયશ્રી ની પ્રાપ્તિ માટે રામ રક્ષા સ્તોત્ર ના પાઠ,ધન અને સંપતિ પ્રાપ્તિ માટે રામ ચરિત માનસ ના પાઠો નું અનુષ્ઠાન અનેક લોકો દ્વારા સંપન્ન કરવા માં આવે છે.દરેક દેવતાઓ ની આરાધ્ય શક્તિ એટલે આધ્ય શક્તિ.ચાલુ વર્ષે આગામી તારીખ 11/10/2026 થી તારીખ 19/10/2026 સુધી ના દિવસો નવરાત્રી ના ઉપાસના પર્વ ના દિવસો છે.

આ દિવસો માં સાચા હદય,મન,ભાવ અને શ્રધ્ધા થી માતાજી ની ઉપાસના આપણ ને સર્વો ને ઉર્જા,ધન અને જ્ઞાન આપનારી બની રહે તેવી શુભકામનાઓ.

**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી**
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)



(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને
જ્યોતિષાચાર્ય માર્ગદર્શક)
(વૈદિક સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800
સાવરકુંડલા - ભાવનગર - બરોડા

# શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ

દેવળાગેઈટ, સાવરકુંડલા

**"કોઈ નો ભાર ન રાખે મુરારી, વ્યાજ સહિત આપે ગિરધારી."**





# જાહેર અપીલ





જય ગૌ માતા આપ સર્વે શહેરીજનો જાણો છો તે મુજબ સાવરકુંડલા શહેરની અંદર દેવળાગેઈટ મુકામે છેલ્લા 25 વર્ષથી ચાલતી શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ શહેરની બીમાર, અંધ, અપંગ, ઘાયલ ગૌ વંશની સારવાર, માવજત અને જાળવણી નિઃશુલ્ક અને જીવદયાના ઉદાર દ્રષ્ટિકોણથી કરી રહેલ છે. સંસ્થા પાસે દાતાશ્રીના અનુદાન સિવાય અન્ય આવકના કોઈ જ સ્ત્રોત ના હોવાથી સંપુર્ણ રીતે દાતાશ્રીના અનુદાન પર જ નિર્ભર રહે છે. વર્તમાનમાં સંસ્થા 150 ઉપરાંતના ગૌ વંશની સારસંભાળ લઈ રહેલ છે ત્યારે ગૌ સદનની વર્તમાન જગ્યા નાની પડતી હોવાથી અબોલ ગૌ વંશની માવજતમાં ઘણી જ મુશ્કેલી ઉભી થાય છે. સંસ્થાએ નેસડી-ચલાલા રોડ પર શહેરથી 3 કી.મી. દુર મેલડીધામની બાજુમાં 3 વીઘાની જમીનમાં ગૌ વંશની સારી માવજત થઈ શકે તેવા હેતુથી 150x50 નો એક અદ્યતન સુવિધાયુકત શેડ ગૌમાતાને ટાઢ/તડકા/વરસાદથી રક્ષણ મળી શકે તેવા આશ્રયથી બનાવવાનું ચાલુ કરેલ છે. આ ઉપરાંત વાડી વિસ્તાર હોવાથી આ જગ્યામાં હિંસક પ્રાણીઓથી ગૌ વંશને સુરક્ષા મળી રહે તે માટે ગૌ સદન ફરતી એક દિવાલ પણ બનાવવાનું આયોજન કરેલ છે. ઉપરોકત જણાવેલ શેડ તથા દિવાલ બનાવવાનો ખર્ચ ઘણો જ મોટો હોવાથી આપ જેવા ઉદારદિલ ગૌ પ્રેમી સખાવતી દાતાઓની આર્થિક મદદની ઘણી જ મોટી અપેક્ષા સંસ્થા રાખે છે. ત્યારે પ્રકાશ પત્રિકાનાં માધ્યમથી અમો આપ ગૌ પ્રેમી શહેરીજનો પાસેથી આર્થિક સહયોગની અપેક્ષા રાખી રહ્યા છીએ. જીવનની અલ્પ આયુમાં આ મુંગા અબોલ જીવો માટે કરેલુ પુનિત કાર્ય ચોકકસપણે આપના ઘર અને વ્યવસાયમાં ધન-ધાન્ય-સમૃધ્ધિ- સુખ શાંતિ લાવશે જ એ નિશંક વાત છે. પરમાત્મા એ આ અબોલ જીવોને વાચા આપેલ નથી પરંતુ આ જીવોને પણ દર્દ/પીડા અને સંવેદના આપેલ છે જ.

તો આવો આપણે સૌ સહીયારો પુરૂષાર્થ કરી આ અબોલ જીવોની દર્દ/પીડાને સમજીને મહત્તમ રીતે આર્થિક સહયોગ કરી પ્રબળ પુણ્યનું ઉપાર્જન કરવામાં નિમિત્ત બનીએ.

આપ ગૌ પ્રેમી જનતા સંસ્થાને નીચે મુજબ સહયોગ કરી શકો છો.

* આપને ત્યાં જુના અને ચણતર કામમાં ઉપયોગ લઈ શકાય તેવા ઉના/વાંકાનેર/રાજુલાના બેલા/છીપરા/ખાનકીબેલા અનુદાનરૂપે આપી શકો છો. (આપની પાસે ઉપરોકત ચણતરનું મટિરિયલ પડયું હોય તો ચણતરકામના અમારા સુપરવાઈઝર સ્થળ પર આવી રૂબરૂ જોઈને જો ઉપયોગમાં આવી શકે તેમ હોય તો સંસ્થા ટ્રેકટર દ્વારા લેવાની જોગવાઈ કરશે.

* નુતન શેડ/દિવાલનાં ચણતર કામ માટેની ઈંટો (એક ઈંટની વર્તમાન કિંમત રૂા. 7.50 (પહોંચતી) મુજબ આપ ઈંટ માટેનું અનુદાન આપી શકો છો. ઓછામાં ઓછી રૂા. 5000/- ની ઈંટો આપનાર દાતાશ્રી સુચવે તે મુજબનું નામ સંસ્થામાં કોમન તકતીમાં લખીશું.

* ચણતર કામમાં ઉપયોગી સિમેન્ટ- હાથી 53 ગ્રેડની એક થેલીની વર્તમાન કિંમત રૂા. 340/- રૂપિયા લેખે રૂા. 5100/- ની સિમેન્ટ માટેની અનુદાનની રકમ આપનાર દાતાશ્રીનું સુચવેલ નામ કોમન તકતીમાં લખીશું.

* રૂા. 1500 થી લઈ રૂા. 51000 સુધીની રકમના અનુદાન આપનાર દાતાશ્રીનું નામ કોમન તકતીમાં આવરી લેવાશે. રૂા. 51111 અને તેનાથી વધુ રકમનાં અનુદાનના દાતાશ્રીને સેપરેટ તકતીમાં નામો આપીશું.

* 150+50 ના શેડ માટેના પતરા અને અન્ય જરૂરી મટિરિયલ (મુંઢડી/બોલ્ટ વિગેરે) સાથેનો ખર્ચ અંદાજીત રૂા. 4 લાખ જેવો થવાની ધારણા મુજબ જે ભાગ્યશાળી દાતા એ અનુદાનની રકમ આપવા રાજીપો બતાવે તો તેમનું સુચવેલ નામ સેપરેટ તકતી દ્વારા લેવાશે.

* શેડ માટેનાં પતરા 60 mm, 26 ft લંબાઈ, ગોળ અથવા ચોરસ ખાળીયાવાળા, જીંદાલ અથવા નેશનલ કંપનીના કે જેની વર્તમાન સમયની એક પતરાની કિંમત રૂા. 5500 જેવી થવાની શકયતા છે. તો આપશ્રી અનુકુળતા મુજબ પતરાનું પણ અનુદાન આપી શકો છો. અંદાજીત-85 પતરાની જરૂરિયાતની ધારણા છે.

* ગૌ સદનની ફરતે લગતી જાળી/કાંટાની જાળી પણ વર્તમાન કિંમત મુજબ આપી શકો છો. આ મટિરિયલની કિંમત રૂા. 5500 અને તેનાથી વધારે હશે તો દાતાશ્રી સુચવે તે મુજબનું નામ કોમન તકતીમાં લખીશું.

*150x50 નાં નિર્માણાધિન શેડમાં ટોટલ-4 ગમાણ તથા 4 અવેડા બનશે. તે મુજબ એક ગમાણ માટેનું રૂા. 225000 નું અનુદાન નકકી કરેલ છે. અને એક અવેડાની કિંમત રૂા. 175000 નકકી કરેલ છે .તે મુજબ (3) અવેડા અને (1) ગમાણના દાતાની આવશ્યકતા હોય તો જે ગૌ પ્રેમી આ અનુદાન આપવા માટેનો રાજીપો વ્યકત કરે તેને અવેડા અને ગમાણ ઉપર તેઓ સુચવે તે મુજબના નામની સેપરેટ તકતી લગાડવામાં આવશે.

* ઉપરોકત તમામ બાબતોને આપ ગૌ પ્રેમી જનતાને જાહેર અપીલથી તો જણાવીએ છીએ. તદ્‌ઉપરાંત ખુબ જ નજીકના દિવસોમાં સંસ્થાના સદસ્યો પહોંચબુક લઈને આપશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા પણ નીકળશે. અમોને દ્રઢ વિશ્વાસ છે કે આ બાબતે આપના દ્વારા ઉત્તમ સહયોગ પ્રાપ્ત થશે જ. વિશેષ અન્ય કોઈપણ માહિતીની જરૂર જણાય તો નીચેના નંબરો ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી. પરમકૃપાળુ પરમાત્મા અને ગૌ માતાના આશિષ આપ દરેક પર સદા વરસતા રહે તેવી શુભ ભાવના સાથે જય ગૌ માતા...

ICICI Bank

Scan and Pay with any UPI app

M/S.SHREE KRUSHNA GAUVSEVA TRUST
SAVARKUNDALA

## : વિશેષ માહિતી માટે સંપર્ક સુત્ર :

| શ્રી રાજુભાઈ બોરીસાગર (સંસ્થાના પ્રમુખશ્રી) | ગૌ પ્રેમીશ્રી જયેશભાઈ એસ. માટલીયા |
|---|---|
| મો. 94084 50000 | મો. 99201 96882 |

**નોંધ : શહેરમાં કોઈપણ જગ્યાએ બિમાર, અંધ, અપંગ, નધણીયાત ગૌ વંશને દેવળાગેઈટમાં સંસ્થાની જગ્યા સુધી પહોંચાડવા નમ્ર વિનંતી. અમે ગૌ ધનની પુરતી સારવાર, સંભાળ, માવજત કરીશું...**



# સંગીત

**લીવ આર્ટિસ્ટિક**

કંદર્પ ભટ્ટ
M.A.B.Ed in Music

## "સંગીત વિનાનું જીવન એક ભૂલ હશે."

અહીં સંગીત વગરના જીવનના એવા પાસાંઓ છે, જે દર્શાવે છે કે સંગીત ન હોવાથી આપણા અસ્તિત્વ પર કેટલી ઊંડી અસર પડે.

૧. ચેતના અને આત્માનું સુનકાળ (Spiritual Emptiness)- શબ્દોની મર્યાદા ઘણી લાગણીઓ એવી હોય છે જેને ભાષા કે શબ્દોમાં વર્ણવી શકાતી નથી. સંગીત ત્યાંથી શરૂ થાય છે જ્યાં શબ્દો પૂરા થાય છે. સંગીત વિના, માણસ પોતાની અંદરના ગૂઢ ભાવોને ક્યારેય સ્પર્શી શકતો નથી.* ધ્યાન અને આધ્યાત્મિકતાનો અભાવ ભારતીય સંસ્કૃતિમાં 'નાદબ્રહ્મ'ની કલ્પના છે, જ્યાં ઓમકાર (ૐ) ના ધ્વનિથી સૃષ્ટિની શરૂઆત થઈ છે. પ્રાર્થના, ભજન કે મંત્ર વગરનું જીવન આધ્યાત્મિક રીતે સાવ ખાલી થઈ જાય છે.

૨. સામાજિક સડો અને સંવાદિતાનો અંત (Loss of Social Harmony)- સંસ્કૃતિની ઓળખ ગુમ થવી લોકસંગીત, લગ્નગીતો, રાસ-ગરબા અને કવિતાઓ એ આપણા વારસાને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડે છે. જો આ ન હોય, તો સમાજ પોતાની સાહિત્યિક અને સાંસ્કૃતિક ઓળખ ગુમાવી બેસે.* એકતાનો અભાવ રાષ્ટ્રગીત જ્યારે વાગે છે ત્યારે આખો દેશ એક તાંતણે બંધાય છે. કોઈ કન્સર્ટ કે ધાર્મિક ઉત્સવમાં સંગીત હજારો અજાણ્યા લોકોને જોડે છે. સંગીત વિનાનો સમાજ વધુ વ્યક્તિવાદી (isolated) અને એકલવાયો બની જાય.

૩. માનસિક અને શારીરિક અસ્વસ્થતા (Impact on Brain and Body)- ન્યુરોલોજીકલ શૂન્યતા વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે સંગીત સાંભળતી વખતે મગજમાં ડોપામાઈન (ખુશી આપતું હોર્મોન) મુક્ત થાય છે. સંગીત વગરનું મગજ ક્રોનિક સ્ટ્રેસ અને ડિપ્રેશનનો શિકાર ઝડપથી બને છે. * જીવનની લય (Rhythm) તૂટવી આપણા હૃદયના ધબકારા પણ એક ચોક્કસ લયમાં ચાલે છે. સંગીત વગરનું જીવન માણસને યંત્ર (મશીન) જેવું બનાવી દે છે, જેમાં કોઈ કલાત્મકતા કે રચનાત્મકતા (creativity) બાકી નથી રહેતી.

૪. શૂન્ય કલ્પનાશક્તિ (Dry Imagination)- સંગીત વાર્તાકારો, લેખકો, ચિત્રકારો અને વૈજ્ઞાનિકોને પણ પ્રેરણા (inspiration) આપે છે. તે મનની કલ્પનાશક્તિની પાંખો ખોલે છે. સંગીત વિનાનું મન માત્ર તર્ક (logic) અને ગણતરીઓ કરતું થઈ જાય, તેમાં સુંદરતા જોવા અને માણવાની દ્રષ્ટિ જ મરી જાય.

નિષ્કર્ષ

* સંગીત વગરનું જીવન એટલે સૂર્ય વગરનો દિવસ, સુગંધ વગરનું ફૂલ અને વહેણ વગરની નદી. તે માત્ર જીવવાની મજબૂરી બની જાય છે, જિંદગીનો મહોત્સવ નહીં.

* ભાવના શૂન્યતા સંગીત એ આપણા સુખ, દુઃખ, પ્રેમ અને વિરહની સંવેદનાઓને વાચા આપે છે. તેના વિના હૃદયના ભાવોને વ્યક્ત કરવાનું કોઈ માધ્યમ રહેતું નથી.

* માનસિક તણાવ આજની ભાગદોડ ભરી જિંદગીમાં સંગીત એક થેરાપી (દવા) તરીકે કામ કરે છે. સંગીત વગર મન શાંત કરવું મુશ્કેલ બને છે અને માનસિક થાક વધે છે.

* ઉત્સાહનો અભાવ આપણા તહેવારો, લગ્નો કે ઉત્સવો સંગીત અને ગરબાની રમઝટ વિના અધૂરા છે. સંગીત વગર કોઈપણ સેલિબ્રેશન નીરસ લાગે છે.

* કુદરત સાથે અલિપ્તતા પક્ષીઓનો કલરવ, વરસાદના ટીપાંનો અવાજ કે પવનની લહેરખીઆ બધું જ કુદરતનું સંગીત છે. જો આપણામાં સંગીતની સમજ ન હોય, તો આપણે પ્રકૃતિના આ સુંદર સૂર માણી શકતા નથી.ટૂંકમાં કહીએ તો, જેમ આત્મા વગરનું શરીર નકામું છે, તેમ સંગીત વગરનું જીવન પણ પ્રાણ વગરનું છે.

# સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે ગ્રામ્ય કક્ષાનો સેવા સેતુ કેમ્પ યોજાયો

## નાગરિકોને ઘરઆંગણે વિવિધ સરકારી સેવાઓનો લાભ અપાયો; સ્થળ પર જ અરજીઓનો નિકાલ કરાયો





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય કક્ષાના સેવા સેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન વિવિધ વિભાગોની સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવી નાગરિકોની અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.કેમ્પમાં જિલ્લા પંચાયતના સભ્ય શ્રી શરદભાઈ ગોદાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.સાથે સરપંચ શ્રી રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગ્રામજનો અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્માન કાર્ડનું વિતરણ તેમજ નાગરિકોના ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની સ્થળ પર જ ચકાસણી કરવામાં આવી હતી.ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મળી રહે તે માટે સ્થળ પર જ ઈ-કેવાયસીની કામગીરી કરવામાં આવી હતી. ઉપરાંત આવકના તથા જાતિના પ્રમાણપત્રો, વૃદ્ધ પેન્શન યોજના, નવા આધાર કાર્ડ તેમજ આધાર કાર્ડમાં જરૂરી સુધારા-વધારાની કામગીરી સહિતની વિવિધ સરકારી સેવાઓનો લાભ ગ્રામજનોને આપવામાં આવ્યો હતો.

મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ વિવિધ લાઇન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને કર્મચારીઓએ કેમ્પમાં ઉપસ્થિત રહી નાગરિકોને જરૂરી માર્ગદર્શન અને સેવાઓ પૂરી પાડી હતી. ગ્રામ્ય વિસ્તારમાં જ વિવિધ સરકારી સેવાઓ ઉપલબ્ધ થતાં ગ્રામજનોમાં પણ સંતોષની લાગણી જોવા મળી હતી.

# વંડા પોલીસ સ્ટેશનની ઉમદા કામગીરી

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા




સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે આંબા ની કલમો ખરીદવા માટે ગોંડલના રહેવાસી તુલજાશંકરભાઈ જોષી આવેલા હતા ત્યારે આ વિસ્તારમાં તેમના મોબાઈલ અને રોકડ રકમ ભરેલું પાકીટ શરતચૂકથી રસ્તામાં પડી ગયેલું હતું. તુલજાશંકરભાઈ જોષી સિનિયર સીટીજન 75 વર્ષના છે અને આ વિસ્તાર થી અજાણ હતા આથી આ ઘટના બાબત વંડા પોલીસ સ્ટેશનમાં જાણ - રજૂઆત કરેલ હતી. વડીલની રજૂઆતને પ્રાધાન્ય આપી અને પોલીસ ઇન્સ્પેક્ટર સાહેબ શ્રી પી. જે. રામાણી તથા પોલીસ સ્ટાફ ખોડુભાઈ કામળીયા, અનિરુદ્ધસિંહ વાળા તથા ફરજ ઉપરના તમામ પોલીસ મિત્રોએ જહેમત ઉઠાવીને આ બાબતે તપાસ કામગીરી કરી અરજદારનું પોર્ટફોલિયું તેમજ અંદર રહેલી તમામ વસ્તુઓ, મોબાઈલ, રોકડ રકમ ખૂબ જ ઓછાં સમયમાં શોધી આપી અરજદારને ટેલિફોનિક જાણ કરી અને રૂબરૂ બોલાવી ચા-પાણી થી માન સન્માન સાથે સ્વાગત કરી પાકીટ પરત આપેલ હતું આ ઘટનાથી અરજદાર પ્રભાવિત થઈ પોલીસ ડિપાર્ટમેંટ ની વડી કચેરીઓમાં પત્રો પાઠવી વંડા પોલીસ સ્ટેશન ની ઉમદા કામગીરી જાણ કરી હતી. અને પોલીસ ડિપાર્ટમેંટનો આભાર વ્યક્ત કરેલ હતો. અરજદાર તુલજાશંકરભાઈ સાવરકુંડલા વિસ્તાર અને વંડા પોલીસની કામગીરીથી પ્રભાવિત થયા હતા અને સાચા અર્થમાં પોલીસ સમાન્ય જનતાને મદદરૂપ પણ બને છે. તે વાસ્તવિકતા છે તેમ જણાવેલ હતું.

# ખેલ મહાકુંભ 2026માં દેવાંગ ઉપાધ્યાયની શાનદાર સફળતા

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અંતર્ગત જિલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા આયોજિત ખેલ મહાકુંભ 2026 અન્ડર-17 ચેસ સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઉડાનના વિદ્યાર્થી ઉપાધ્યાય દેવાંગ વિભાકરભાઈએ તાલુકા કક્ષાએ સતત પાંચમી વખત સફળતા પ્રાપ્ત કરી છે. તેમની આ સિદ્ધિથી શાળાના ગૌરવમાં વધુ એક પીછું ઉમેરાયું છે.દેવાંગને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ સરકારશ્રી તરફથી રૂ. 1,000નું ઇનામ પણ પ્રાપ્ત થયું છે. દેવાંગે પોતાની મહેનત, એકાગ્રતા અને બુદ્ધિચાતુર્યથી આ સફળતા હાંસલ કરી છે. તેમની સતત પાંચમી સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.દેવાંગની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વાલીઓ દ્વારા તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ દેવાંગ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તથા અમરેલી જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



# તૂટેલા હાર્ટ સિન્ડ્રોમ શું છે? જાણો ટાકોત્સુબો કાર્ડિયોમાયોપથી વિશે



Dr. Vishal K. Chavda,
MS, PhD, FICN

તાકોત્સુબો કાર્ડિયોમાયોપથી એ હૃદયની અસ્થાયી સ્થિતિ છે જે તીવ્ર ભાવનાત્મક અથવા શારીરિક અનુભવના પ્રતિભાવમાં વિકસે છે. તેને સ્ટ્રેસ કાર્ડિયોમાયોપથી અથવા તૂટેલા હાર્ટ સિન્ડ્રોમ તરીકે પણ ઓળખવામાં આવે છે. તૂટેલા હાર્ટ સિન્ડ્રોમ (ટાકોટસુબો કાર્ડિયોમાયોપથી) એ મોટાભાગના લોકો માટે અસ્થાયી સ્થિતિ છે. તમે સંભવત: કોઈપણ લાંબા ગાળાની હૃદયની સમસ્યાઓ વિના સ્વસ્થ થશો મોટાભાગના લોકો સ્વસ્થ થઈ જાય છે, પરંતુ નાના લઘુમતી કેસો (લગભગ ચાર ટકા) હોસ્પિટલમાં મૃત્યુ પામે છે. 1990 માં જાપાનમાં પ્રથમ વખત આ સ્થિતિની ઓળખ કરવામાં આવી હતી. 'ટાકોટસુબો' શબ્દ જાપાની નામ પરથી ઓક્ટોપસ પોટ માટે લેવામાં આવ્યો છે, જે એક અનન્ય આકાર ધરાવે છે જે ડાબા વેન્ટ્રિકલને (Down left part of heart) મળતા આવે છે. આ સ્થિતિમાં, હૃદયની મુખ્ય પમ્પિંગ ચેમ્બર આકારમાં ફેરફાર કરે છે, જે હૃદયની રક્તને અસરકારક રીતે પંપ કરવાની ક્ષમતાને અસર કરે છે. ટાકોટસુબો કાર્ડિયોમાયોપથી તમારા હૃદયના મુખ્ય પમ્પિંગ ચેમ્બર (ડાબા વેન્ટ્રિકલ)ને આકાર બદલવા અને મોટા થવાનું કારણ બને છે. આનાથી હૃદયના સ્નાયુ નબળા પડે છે અને તેનો અર્થ એ છે કે તે લોહીને જોઈએ તેટલું પમ્પ કરતું નથી.

તે સામાન્ય રીતે ભારે ભાવનાત્મક અથવા શારીરિક તાણ દ્વારા ટ્રિગર થાય છે. સૌથી સામાન્ય લક્ષણોમાં અચાનક (તીવ્ર) છાતીમાં દુખાવો થવો અને શ્વાસ લેવામાં તકલીફ (ડિસપનિયા) છે. અસ્વસ્થતા, પરસેવો (ડાયાફોરેસીસ), ઉબકા, ઉલટી, ધબકારા અને ચેતનાના ક્ષણિક નુકશાન (સિંકોપ) પણ થઈ શકે છે. ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ (ECG) કેટલાક હાર્ટ એટેકમાં જોવા મળતી અસામાન્યતાઓ બતાવી શકે છે - ખાસ કરીને, એસટી-સેગમેન્ટ એલિવેશન તરીકે ઓળખાતા ફેરફારો. પરિણામે, હૃદયરોગના હુમલાને નકારી કાઢવા માટે ઈમેજિંગ અભ્યાસ અને અન્ય પગલાં જરૂરી છે.

તાકોત્સુબો કાર્ડિયોમાયોપથી એવી સ્થિતિ છે જે હાર્ટ એટેક જેવી દેખાઈ શકે છે. તે ઘણીવાર કાયમી હૃદયને નુકસાન પહોંચાડતું નથી. આ સ્થિતિ અસ્થાયી છે અને મોટાભાગના લોકો બે મહિનામાં સ્વસ્થ થઈ જાય છે! સેલિસીલેટ્સ, એન્ટિએન્જિનલ એજન્ટ્સ, એનાલજેક્સ, એન્ટીકોએગ્યુલન્ટ્સ, લો મોલેક્યુલર વેઈટ હેપરિન, એન્ટિએરિથમિક એજન્ટ્સ, પ્લેટલેટ એગ્રિગેશન ઇન્હિબિટર્સ, લૂપ મૂત્રવર્ધક દવાઓ અમુક વર્ગની દવાઓ છે જેનો ઉપયોગ તૂટેલા હાર્ટ સિન્ડ્રોમની સારવાર માટે વારંવાર કરવામાં આવે છે.

# રાતલડી વેલકમ નવરાત્રી મહોત્સવ 2026 નું સફળ આયોજન સમાપન













## લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા સાવરકુંડલા શહેરમાં શ્રી શામજીબાપુ ઉપવન વાડી ખાતે રાતલડી વેલકમ નવરાત્રી મહોત્સવ 2026 યોજાઈ...

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

આયોજનને સફળ બનાવવા માટે મુખ્ય સ્પોન્સર શ્રી રસિકભાઈ વેકરીયા, હિરેનભાઈ વેકરીયા V.H.R.O તેમજ તમામ ઈનામના દાતાશ્રી સુર્યા ઢોસા શ્રી હર્ષભાઈ કોરાટ તેમજ ગોકુલ જવેલર્સ તરફથી લકી ડ્રો નું સુંદર આયોજન કરવામાં આવેલું હતું ત્રણ વિજેતા ઈનામોને ગોલ્ડ કોઈન આપવામાં આવ્યા હતા, તથા સર્વ દાતાશ્રીઓ સહયોગ હતો...



આયોજનમાં ખાસ ઉપસ્થિત શ્રી ભરતભાઈ સુતરીયા સાંસદશ્રી, શ્રી મહેશભાઈ કસવાળા ધારાસભ્યશ્રી, શ્રી વસંતભાઈ મોવલીયા પૂર્વ ગવર્નરશ્રી, શ્રી જયકિશનભાઈ દેવાણી સેકન્ડ વાઈસ ગવર્નર, શ્રી નયનાબેન કાપડિયા નગરપાલિકા પ્રમુખશ્રી, પ્રકાશભાઈ પાનસુરીયા, શ્રી કૌશિકભાઈ હપાણી Rc, શ્રી વિજયભાઈ વસાણી Zc, શ્રી સુરેશભાઈ દેસાઈ સંજોગ ન્યુઝ, શ્રી રમેશભાઈ કાથરોટીયા ટ્રસ્ટીશ્રી ખોડલધામ, શ્રી કરસનભાઈ ડોબરીયા, શ્રી દેવચંદભાઈ કોપોપરા, શ્રી પ્રતિકભાઈ નાકરાણી, શ્રી દિપકભાઈ બોઘરા, શ્રી અમિતભાઈ પંડ્યા, શ્રી હિતેશભાઈ નિમ્બાર્ક પ્રેસિડેન્ટ, શ્રી વિમલભાઈ વ્યાસ વાઈસ પ્રેસિડેન્ટ, શ્રી હિરેનભાઈ માળવી સેક્રેટરી, શ્રી દેવાંગભાઈ સેલાણી ટ્રેઝરર, તથા તમામ લાયન્સ મેમ્બર તેમજ મીડીયા ના મીત્રો તથા પોલીસ સ્ટાફ આ તકે ઉપસ્થિત રહીયા હતા આયોજનને સફળ બનાવ લાયન્સ કલબના મિત્રોએ સારી એવી જેમત ઉઠાવી હતી લાઈન મેમ્બર જીગ્નેશ ગળથીયા ની યાદી જણાવેલ છે...





# દર્દીમાં દેવ અને સેવામાં સાધના વિશ્વ વંદનીય પૂજ્ય મોરારિબાપુએ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર માં ઓચિંતી મુલાકાત લઈ દર્દીનારાયણના કુશળ સમાચાર પૂછ્યા









■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા સ્થિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે પરમ વંદનીય પૂજ્ય મોરારિબાપુએ આજે ઓચિંતી અને આત્મીય મુલાકાત લઈ દર્દીનારાયણના કુશળ સમાચાર પૂછ્યા અને સૌને આશીર્વાદ પાઠવ્યા.પૂજ્ય બાપુએ વિવિધ ઓપીડી, મેડિકલ સ્ટોર, સર્જિકલ અને ઓર્થોપેડિક વોર્ડની મુલાકાત લઈ દર્દીઓ સાથે સંવાદ કર્યો. ગાયનેક વિભાગમાં પ્રસૂતા માતાઓ અને નવજાત શિશુઓને મળ્યા તેમજ NICUમાં પ્રિટર્મ બાળકના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરી.

ડાયાલિસિસ વિભાગની મુલાકાત દરમિયાન દર્દીઓ સાથે આત્મીય સંવાદ કરતાં અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસિસ લેતી ૧૨ વર્ષની બાળકીની તબિયત અંગે બાપુએ વિશેષ સંવેદના વ્યક્ત કરી.આ મુલાકાત દરમિયાન સેવા અને સમાનતાનું અનોખું ઉદાહરણ પણ જોવા મળ્યું. પ્રસાદગૃહની મુલાકાતે આવેલા બાપુએ દર્દીનારાયણ, તબીબો અને સ્ટાફ માટે તૈયાર થતો એ જ પ્રસાદ પોતાના ભિક્ષાપાત્રમાં ગ્રહણ કર્યો. સેવામાં કોઈ ભેદ નહીં, પ્રસાદમાં કોઈ ભેદ નહીંના ભાવને બાપુએ પોતાના આચરણથી વધુ પવિત્ર બનાવ્યો.આ સાથે નવનિર્માણાધીન વિશ્વાસ બિલ્ડિંગની કામગીરી અંગે માહિતી મેળવી બાપુએ રાજીપો વ્યક્ત કર્યો અને જાન્યુઆરી ૨૦૨૭માં તેને દર્દીનારાયણની સેવામાં અર્પણ કરવાની ભાવના માટે આશીર્વાદ આપ્યા.

આ પ્રસંગે બાપુએ સૌના પ્રસાદ માટે રૂ. ૫૦,૦૦૦નું તુલસીપત્ર પણ અર્પણ કર્યું.બાપુની આ સમગ્ર મુલાકાતે આરોગ્ય મંદિરના સેવા-સંકલ્પને વધુ બળ આપતાં એક



જ સંદેશ જીવંત કર્યો"દર્દીમાં દેવ અને સેવામાં સાધના.

"અંતે પૂજ્ય મોરારિબાપુએ આશીર્વાદ આપતાં કહ્યું"મારો હનુમાન સૌને સારું સ્વાસ્થ્ય આપે, સૌનાં દુ:ખ હરિ લે અને દરેક દર્દીનારાયણના જીવનમાં આરોગ્ય, આનંદ અને શાંતિ ભરે."દર્દીદિવો ભવ: સેવા એ જ સાધના, સેવા એ જ નારાયણ.

## સાવરકુંડલા નાગરિક સહકારી બેંકના નવા ચૂંટાયેલા હોદ્દાધારીઓ અને ડિરેક્ટરોનું ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા દ્વારા સન્માન



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ સાવરકુંડલા નાગરિક સહકારી બેંકની તાજેતરની ચૂંટણીમાં વિજયી થયેલા નવા ચૂંટાયેલા હોદ્દાધારીઓ અને ડિરેક્ટરોનું અટલધારા ખાતે આયોજિત સન્માન સમારોહમાં ઉપસ્થિત રહીને સન્માન કર્યું હતું.આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ નવી ટીમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે સાવરકુંડલા નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી પ્રેરિત પેનલે ઐતિહાસિક વિજય હાંસલ કર્યો છે. આ વિજય માત્ર પેનલની જીત નથી, પરંતુ બેંકના સભાસદો અને મતદારોના અતૂટ વિશ્વાસ તથા જનસમર્થનની જીત છે.

ધારાસભ્યશ્રીએ વિજયી બનેલા તમામ ઉમેદવારોને અભિનંદન આપતા જણાવ્યું હતું કે નવી ટીમ બેંકના ઉજ્જ્વળ ભવિષ્ય અને સફળ કાર્યકાળ માટે પારદર્શક, જવાબદાર અને સભાસદ-કેન્દ્રિત કાર્ય કરશે તેવી અપેક્ષા છે. તેમણે બેંકના તમામ સભાસદો, મતદારો અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## કેપ્ટન સ્મિત મચ્છરના સાહસને મોરારીબાપુએ બિરદાવ્યું

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ગુજરાતી મૂળના વીર પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરે આકાશમાં સર્જાયેલી અત્યંત ગંભીર પરિસ્થિતિ દરમિયાન અદમ્ય સાહસ, હિંમત અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દર્શાવીને આશરે 180 લોકોના જીવનની રક્ષા કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના આ શૌર્યની દેશ-વિદેશમાં પ્રશંસા થઈ રહી છે.દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073માં કોકપિટ દરમિયાન બનેલી ગંભીર ઘટનામાં કેપ્ટન સ્મિત મચ્છર ઘાયલ થયા હોવા છતાં હિંમત હાર્યા નહોતા. મુશ્કેલ અને જોખમી પરિસ્થિતિ વચ્ચે તેમણે કોકપિટનો દરવાજો ખોલી મુસાફરો અને ક્રૂને મદદરૂપ થવાની તક ઊભી કરી હતી. ત્યારબાદ વિમાનને સુરક્ષિત રીતે સાઉદી અરેબિયાના તબૂક ખાતે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં 174 મુસાફરો અને 6 ક્રૂ સભ્યો સહિત કુલ 180 લોકો સવાર હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.કેપ્ટન સ્મિત મચ્છરના આ અદમ્ય શૌર્યને કથાકાર મોરારીબાપુએ પણ હૃદયપૂર્વક બિરદાવ્યું છે. મોરારીબાપુએ કેપ્ટન સ્મિતના પિતા સાથે ટેલિફોનિક વાતચીત કરી તેમના સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવી હતી તેમજ તેઓ ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી હતી. મોરારીબાપુએ કેપ્ટન સ્મિતના શૌર્ય અને ધૈર્યને વંદન કરતાં તેમના સાહસથી સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન થયું હોવાનું જણાવ્યું હતું.આ પ્રસંગે મોરારીબાપુ દ્વારા કેપ્ટન સ્મિત મચ્છરને હનુમંત કૃપા




પ્રસાદ રૂપે રૂ.21 લાખની રકમ અર્પણ કરવામાં આવી છે. કેપ્ટન સ્મિતના સાહસને હનુમંત કાર્ય સાથે જોડીને કરવામાં આવેલું આ સન્માન તેમની વીરતા અને ફરજ પ્રત્યેની અડગ નિષ્ઠાને મળેલી ભાવભીની કદર સમાન છે.

કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીએ માત્ર મુસાફરોના જીવ બચાવ્યા નથી, પરંતુ મુશ્કેલીની ઘડીમાં ફરજ, ધૈર્ય અને માનવજીવન પ્રત્યેની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પણ પૂરું પાડ્યું છે. તેમની હિંમતને દેશભરમાંથી સલામ મળી રહી છે અને ગુજરાતના આ સપૂતની વીરતા સમગ્ર નવી પેઢી માટે પ્રેરણારૂપ બની છે.

## 180 મુસાફરોના જીવ બચાવનાર વીર પાયલોટને હનુમંત કૃપા પ્રસાદ રૂપે રૂ.21 લાખ અર્પણ